ગાંધીનગર સમાચાર

મુખ્ય માર્ગો બાદ સેક્ટરોના આંતરિક વિસ્તારમાં વૃક્ષોનુ ટ્રીમીંગ કરાશે

# નગરના સર્કલો રંગબેરંગી રોશનીથી ઝળહળ્યા

ગાંધીનગર તા ૨

આગામી વાઈબ્રન્ટ સમિટ દરમિયાન શહેરના વિવિધ માર્ગો પર વિધાનસભા બિલ્ડીંગની સાથે સરકારી કચેરી અને ખાનગી બિલ્ડીંગો પણ રોશનીથી જગમગતા જોવા મળશે. છેલ્લા એક મહીનાથી યુધ્ધના ધોરણે કામે લાગ્યુ છે.

નગરને દુલ્હનની જેમ



વાઈબ્રન્ટ દરમિયાન રાત્રિની રોનક નિખરશે : સ્વર્ણિમ પાર્કમાં પણ અવનવી રોશની કરાશે
મુખ્ય માર્ગો પર સ્થિત વિવિધ કચેરીઓના બિલ્ડીંગોને પણ શણગારવામાં આવશે

સ્થિત સર્કલો તેમજ સરકારી કચેરીઓને પણ રંગબેરંગી રોશનીથી શણગારવામાં આવશે. સ્વર્ણિમ પાર્ક તેમજ મહાત્મા મંદિર સહીત શહેરમાં વાઈબ્રન્ટ સમિટમાં દેશ વિદેશના મહાનુભાવો હાજરી આપવાના છે. ત્યારે વી વી આઈ પી ઓના ઓવારણા લેવા માટે તંત્ર શણગારવા માટે બ્યુટિફિકેશનના વિવિધ કામોમાં ટીમો કામે લાગી છે. દિવસની સાથે રાત્રિ દરમિયાન પણ નગરને કલરફુલ અને વાઈબ્રન્ટ લુક આપવા માટે નગરના મુખ્યમાર્ગો પર સ્થિત વિવિધ સરકારી કચેરીઓને પણ રોશનીની સજાવટ કરવામાં આવશે. શહેરના હાર્દ સમા વિસ્તારમાં સ્થિત સ્વર્ણિમ પાર્કને રોશનીથી સજાવવામાં આવશે. જયારે મહાત્મા મંદિર અને વિધાનસભા બિલ્ડીંગ પર રંગબેરંગી લાઈટીંગ જોવા મળશે.

ગત વાઈબ્રન્ટ દરમિયાન પણ રાત્રિની રોનક નિહાળવા માટે અમદાવાદ સહીત વિવિધ શહેરોમાંથી પણ નાગરિકો નગરના મહેમાન બન્યા હતા. જયારે આગામી વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષીને પણ નગરમાં ઠેર ઠેર રોશનીની સજાવટ કરવાનુ આયોજન કરી દેવાયુ છે. જેમાં શહેરના ઘ માર્ગ પર સ્થિત ઉદ્યોગભવન , કલેકટર કચેરી,સહયોગ સંકુલ , એમ એસ બિલ્ડીંગ, કોર્ટ તેમજ ટાઉનહોલને પણ રોશની કરવામાં આવશે.

આ ઉપરાંત સ્ટાફ ટ્રેનીંગ કોલેજને પણ રંગબેરંગી રોશનીથી નિખારવામાં આવશે. તા ૯ થી ૧૩ જાન્યુઆરી દરમિયાન નગરમાં રાત્રિનો નઝારો અનોખુ આકર્ષણ જમાવશે. શહેરના સેન્ટ્રલ વિસ્ટામાં પણ વિવિધ પ્રકારની લાઈટીંગ કરાશે.

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લાના બાળકોમાં બિમારીનું પ્રમાણ વધ્યુ

## હૃદય, કિડની, કેન્સર જેવા રોગના બાળકો શાળા આરોગ્ય ચકાસણીમાં સામે આવ્યા : ૬ બાળકોને કેન્સર જણાયુ : આંખ, દાંત, ચામડીના રોગથી પિડાતા બાળકો મોટી સંખ્યામાં મળ્યા ૬૨ ટકા બાળકોના આરોગ્યની ચકાસણી સંપન્ન

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લામાં શાળા આરોગ્ય ચકાસણી દરમ્યાન બાળકોમાં બિમારીના પ્રમાણમાં નોંધપાત્ર રીતે વધારો થતો જોવા મળી રહ્યો છે. જેને લઈ શિક્ષણ અને આરોગ્ય તંત્રમાં ચિંતાનું વાતાવરણ પ્રસરી જવા પામ્યુ છે.

જિલ્લામાં શાળા આરોગ્ય ચકાસણીના ૬ સપ્તાહની કામગીરી સંપન્ન થઈ છે. ૬૨ ટકા જેટલા બાળકોની ચકાસણી અંતે હૃદયની બિમારીથી પિડાતા ૬૫ બાળકો, કેન્સરથી પિડાતા ૬, કિડનીથી પિડાતા ૧૦ અને ૨૧૩ અન્ય રોગના શિકાર બનેલા જણાઈ આવ્યા છે. મળતી વિગતો પ્રમાણે ગત વર્ષ ૨૦૧૫-૧૬ કરતાં ૧૬-૧૭માં આ ગંભીર બિમારીના કેસોમાં જ વધારો જોવા મળ્યો છે. ૨૦૧૫-૧૬માં જિલ્લામાં સમગ્ર કાર્યક્રમને અંતે ૭૨ બાળકોને હૃદયની અને ૧૧ બાળકોને કિડનીની બિમારી તો ૪ અન્ય રોગના બાળકો મળી આવ્યા હતા. જિલ્લામાં ૬૨ ટકા કામગીરીને અંતે ૬૫ બાળકો હૃદયની બિમારીથી પિડાતા મળ્યા છે. તો કેન્સરથી પિડાતા ૬ બાળકો અને અન્ય રોગોથી પિડાતા ૨૧૩ બાળકો મળી આવ્યા છે જે ખુબ જ ચિંતાજનક છે.

● અનુસંધાન પાન-૭ પર

# પૂર્વમંત્રી ગાભાજી ઠાકોરનું દુઃખદ અવસાન

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લાના અગ્રણી અને ભાજપના નેતા ગાભાજી મંગાજી ઠાકોરનું દુઃખદ અવસાન થતાં સમગ્ર દહેગામ તાલુકામાં જ નહિ જિલ્લામાં ઘેરા શોકની લાગણી પ્રસરી જવા પામી છે.

દહેગામ તાલુકાના વાસણા સોગઠી ગામના સરપંચ તરીકે જાહેર જીવનમાં પ્રવેશ મેળવ્યા બાદ તેમણે વિધાનસભાના સભ્ય, સંસદ સભ્ય તેમજ રાજ્ય સરકારમાં મંત્રી તરીકે પણ સેવાઓ આપી હતી.

● અનુસંધાન પાન-૭ પર

# મુખ્ય માર્ગો બાદ સેકટરોના આંતરિક વિસ્તારમાં વૃક્ષોનુ ટ્રીમીંગ કરાશે

## નગરના મુખ્ય માર્ગોને વાઇબ્રન્ટ લુક આપવા માટે આડશ બનતી વૃક્ષોની તોતિંગ ડાળીઓ દુર કરવા તંત્રની ટીમ કામે લાગી

ગાંધીનગર તા ૨

વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી નગરના મુખ્ય માર્ગો આસપાસ વૃક્ષોનુ ટ્રીમીંગ કરવામાં આવી રહયુ છે. છેલ્લા એક વર્ષથી વૃક્ષોનુ યોગ્ય ટ્રીમીંગ ન થતા માર્ગો પર લટકતી વૃક્ષોની ડાળીઓ અવરોધરૂપ બની હતી. જો કે સેકટરોના આંતરિક વિસ્તારમાં પણ ટ્રીમીંગના અભાવે વૃક્ષોની ડાળીઓ આડશ બની છે. મુખ્યમાર્ગો પર ટ્રીમીંગનુ કામ પુર્ણ થયા બાદ આંતરિક વિસ્તારમાં ટ્રીમીંગનુ કામ કરવામાં આવશે.

વાઈબ્રન્ટ સમિટને ધ્યાને લઈ શહેરમાં સુશોભનના કામો હાથ ધરાયા છે. નગરને દુલ્હનની જેમ શણગારવા માટે તડામાર તૈયારીઓ ચાલી રહી છે. નગરના મુખ્ય માર્ગોને આકર્ષક બનાવવા માટે રોડ ફર્નિચરનુ કામ હાથ ધરાયુ છે. રાત્રિના સમયે નગરના માર્ગોનો નઝારો જોવાલાયક બન્યો છે. માર્ગો આસપાસ આડશ બનતી વૃક્ષોની ડાળી દુર કરવા માટે પણ વનતંત્ર દ્વારા અભિયાન હાથ ધરાયુ છે. નગરના મુખ્ય માર્ગો આસપાસ સ્થિત વૃક્ષોની ડાળીઓ દુર કરવામાં આવી રહી છે. ઘ-૫ થી સરકીટ હાઉસ તરફ જતા માર્ગ પર વૃક્ષોના ટ્રીમીંગનુ કામ પુર્ણ કરી દેવાયુ છે. જયારે ખ માર્ગ થી એસ જી હાઈવે ના રૂટમાં વૃક્ષોના બિનજરૂરી મુળિયા દુર કરી આ

● અનુસંધાન પાન-૭ પર



વાયબ્રન્ટ ઈફેક્ટ - વાયબ્રન્ટ સમિટના આગમનને પગલે ગાંધીનગરમાં તડામાર તૈયારીઓ ચાલી રહી છે... દેશ-વિદેશના હજારો મહેમાનોની ગાડીઓના પાર્કિંગ માટે હંગામી ધોરણે પાર્કિંગ ટેન્ટ ઉભા કરાયા છે... તો નેટવર્કમાં સરળતા રહે અને મોબાઈલ ફોન વિઘ્ન વિના ચાલે તે માટે ઠેર ઠેર મોબાઈલ કનેક્ટીવીટી માટે ટાવરો ઉભા કરાવાયા છે... આજકાલ ગાંધીનગર સુવિધાઓથી છલકાઈ રહ્યું છે....

# ગુણોત્સવની માર્કિંગ પદ્ધતિમાં સરકારે બદલાવ કર્યો

## જિલ્લામાં ૭૫ રૂટ ગુણોત્સવ માટે બનાવાયા : ૨૨૫ શાળાઓમાં બાહ્ય મૂલ્યાંકન થશે : જિલ્લા દ્વારા ગુણોત્સવના મૂલ્યાંકન માટે ખાસ સોફ્ટવેર ડેવલપ કરાયુ

ગાંધીનગર, તા. ૨

રાજ્ય સરકારે ગુણોત્સવની માર્કિંગ સિસ્ટમમાં આમૂલ પરિવર્તન કર્યું છે. તો ગાંધીનગર જિલ્લામાં પ્રાથમિક શિક્ષણ તાલિમ દ્વારા મૂલ્યાંકનનો અહેવાલ ઓનલાઈન મોકલવા માટેનું અલાયદુ સોફટવેર ડેવલપ કર્યું છે.

શિક્ષણ વિભાગના સૂત્રોએ જણાવ્યું છે કે આ વખતે ઓ.એમ.આર. સીટ અગાઉથી જ દરેક શાળાને વિદ્યાર્થીના યુનિક આઈ.ડી. નંબર અને નામ સાથે આપી દેવામાં આવશે.

માર્કિંગ સિસ્ટમમાં જે શાળામાં વર્ગખંડની બહાર શિક્ષકનો જાહેરમાં પરિચય દર્શાવતુ બોર્ડ હશે તો તેનો એક માર્ક તેમજ શિષ્યવૃત્તિ સહિતની પરીક્ષાઓમાં શાળાએ બાળકોને જે સંખ્યામાં નોંધણી કરી અને બેસાડ્યા હશે તેના પણ માર્કસ આપવામાં આવશે.

શિક્ષણ વિભાગે માર્કિંગ સિસ્ટમમાં કરેલા પરિવર્તનની સાથે સાથે ૫ થી ૧૨ જાન્યુઆરી દરમ્યાન એસ.એસ.એ., તેમજ બીઆરસી, સીઆરસી, તાલુકા પ્રા. શાળા અધિકારી તેમજ કેળવણી નિરીક્ષકો સહિતનો મોનીટરીંગ સ્ટાફ જિલ્લાની તમામ શાળાઓની રૂબરૂ મુલાકાત લેશે. જે શાળાઓમાં ગ્રેડીમાં ભારે બદલાવ જોવા મળ્યો નથી તેવી શાળાઓમાં જઈ રૂબરૂ માર્ગદર્શન આપશે તેમજ ક્ષતિ પૂર્તિ કરશે.

દરમ્યાન જિલ્લા શિક્ષણ સમિતિ દ્વારા કરવામાં આવેલ આયોજન પ્રમાણે ગુણોત્સવ માટે ૭૫ રૂટ નિયત કરવામાં આવ્યા છે અને ૨૨૫ શાળાઓમાં આ મૂલ્યાંકન થશે. એક અંદાજ પ્રમાણે જિલ્લાના ૫૦ હજાર જેટલા બાળકોનું અધિકારીઓ-પદાધિકારીઓ દ્વારા વાંચન-લેખન અને ગણનનું મૂલ્યાંકન કરવામાં આવશે.

જિલ્લા શિક્ષણ સમિતિએ એક અલાયદુ સોફટવેર ગુણોત્સવના મૂલ્યાંકનનું ઓનલાઈન રિપોર્ટીંગ થઈ શકે તે માટે વિકસાવ્યુ છે. આ સોફટવેરનું પ્રયોગાત્મક નિરીક્ષણ પણ કરી લેવામાં આવ્યું છે.

જિલ્લામાં ૬૫૩ શાળાઓને ગુણોત્સવમાં આવરી લેવામાં આવશે જેમાં ૨૨૫ શાળાઓમાં બાહ્ય મૂલ્યાંકન થશે જયારે ૪૫૮ શાળાઓમાં સ્વમૂલ્યાંકન થશે. સ્વમૂલ્યાંકનવાળી શાળાઓમાં તાલુકા અને જિલ્લાની મોનીટરીંગ માટે બનાવેલી ટીમો જશે અને મૂલ્યાંકનની કામગીરીનું મોનીટરીંગ કરશે.

આજથી ૧૦ તારીખ સુધી તાલુકાવાઈઝ ખાસ કલસ્ટર બેઠકો માર્ગદર્શન માટે યોજવાની શરૂ થઈ ગઈ છે. જિલ્લામાં શિક્ષણ સમિતિ દ્વારા તમામ આયોજનને આખરીરૂપ આપી દેવામાં આવ્યું છે.




જાહેર આભાર

પોગલુંના તમામ મતદાર ભાઈઓ અને બહેનોને મને સરપંચના ઉમેદવાર તરીકે પસંદ કરી મતદાન કર્યુ.અને જંગી બહુમતીથી મને જીતાડી તે બદલ આપ સૌનો આભાર માનું છું હું પોગલું ગ્રામ પંચાયતમાં પારદર્શક વહીવટ કરીને વિકાસના પંથે આગળ લઈ જવા પ્રયત્નો કરીશ અને આશા રાખું છું કે આપ સૌ પણ સહકાર આપશો વધુમાં ગ્રામના વિકાસના કામો માટે આપના સુચનો હરહંમેશ આવકાર દાયક રહેશે. પુનઃહૃદયપૂર્વક આભાર...અભાર....

રમીલાબેન શામળભાઈ પટેલ
સરપંચશ્રી,પોગલું ગ્રામપંચાયત
પોગલું, તા.પ્રાંતિજ, જી.સાબરકાંઠા.

ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળી લીમીટેડ
સી-૬, શોપીંગ સેન્ટર, સેક્ટર-૨૧, ગાંધીનગર. ટેલીફોન : ૨૩૨૨૦૫૨૫

સભાસદો માટે

મંડળીના સભાસદોને વર્ષ: ૨૦૧૫/૧૬ની ભેટ (કોટનનો ટુવાલ) આપવાનું શરૂ કરેલ છે. તા. ૧૫/૨/૧૭ સુધીમાં દરેક સભાસદે શેર સર્ટીફિકેટ સાથે લાવીને પોતાની ભેટ મેળવી લેવા નમ્ર વિનંતી છે.

ભેટ મેળવવાનો સમય :
સવારે : ૮-૩૦ થી ૧૨-૦૦ ● સાંજે ૨-૦૦ થી ૫-૩૦

શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫ મી વર્ષગાંઠ
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એકસચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT · KisaN · ashirvad · BENELAVE · DR.FIXIT · TATA STEEL • PIPES • SHEETS · VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com